# GSSSB CCE 2026

## Combined Competitive Examination · Advt 378 · CBRT 16–29 Sep 2026 · Question Paper

**Gujarati**

Complete Paper · 150 Questions · Official Answer Key

## About this Compilation

This booklet contains the complete question paper of the **GSSSB Combined Competitive Examination (Advt 378) 2026** examination in **Gujarati**, with the correct option marked as per the official answer key.

✓ Correct option (highlighted green)

### How to use

- Use the **Index** page to jump directly to any set (clickable).
- Questions appear section by section in the order of the paper, numbered 1 onward.
- Diagram and wide-table questions appear at full width at the end of their section.
- The correct answer is highlighted in green with a tick.

### More from QMaths

Check your marks, normalized score and zone-wise rank free at **rank.qmaths.in**. Master English vocabulary with the **Blackbook** app.




***Toppers' Choice, Blackbook of English Vocabulary, Now available in App format : DOWNLOAD NOW***

# Index — All Sets (click to open)


Set 1 22 Sep 2026
1:00 PM - 3:00 PM

## English

15 Questions • Answer Key

**Q1** English

Choose the correct word for the underlined segment from the options.

The painting was **made more attractive** by adding the intricate details.

A. varnished

B. embellished ✓

C. revered

D. obscured

**Q2** English

Choose the option where the given sentence has been correctly converted to the Past Perfect Tense.
Kriti finished her work by 5 p.m.

A. Kriti finishes her work by 5 p.m.

B. Kriti had finished her work by 5 p.m. ✓

C. Kriti was finishing her work by 5 p.m.

D. Kriti will finish her work by 5 p.m.

**Q3** English

"A carpenter makes furniture." નો સાચો ગુજરાતી અનુવાદ કયો છે?

A. સુથાર ફર્નિચર બનાવે છે. ✓

B. સુથાર ખોરાક બનાવે છે.

C. સુથાર ફર્નિચર વેચે છે.

D. ડૉક્ટર ફર્નિચર બનાવે છે.

**Q4** English

Select the most appropriate option that can be used as a one-word substitute for the highlighted segment in the given sentence.

She introduced him as a/an **person who loves books**.

A. bibliophile ✓

B. philanthropist

C. author

D. astronomer

**Q5** English

In the following sentence, the underlined part contains an error. Choose the option that best replaces the underlined part to make the sentence grammatically correct.

Neither Alex nor his friends enjoyed **her time at the concert**.

A. his time at the concert

B. their time at the concert ✓

C. them time at the concert

D. its time at the concert

**Q6** English

Choose the synonym for the bold word in the given sentence.

The movie was so **captivating** that I watched it twice.

A. Confusing

B. Repulsive

C. Fascinating ✓

D. Repellent

**Q7** English

A statement is divided into the following different segments. The first segment is fixed; rearrange the other segments to form a coherent statement.

Rhetoric is especially important in law,
P. where the goal is often
Q. and media,
R. to convince or influence others
S. politics, advertising,

A. PQRS

B. QPRS

C. SRQP

D. SQPR ✓

Blackbook Vocabulary — Now in the App! ► Download Now on Google Play

**Q8** English

Select the option with the correct passive voice usage.

Spring has forgotten flowers.

A. Flowers has been forgotten by spring.

B. Flowers have been forgotten by spring. ✓

C. Flowers are forgotten by spring.

D. Spring has been forgotten by flowers.

**Q9** English

Fill in the blank with a suitable article.
Dhruva lives in ____ United States.

A. no article needed

B. a

C. an

D. the ✓

**Q10** English

Choose the correct indirect speech form of the given sentence.
The librarian said to the students, "You must return all borrowed books before the end of this month."

A. The librarian told the students that they had to return all borrowed books before the end of that month. ✓

B. The librarian told the students that they must return all borrowed books before the end of this month.

C. The librarian told the students that they have to return all borrowed books before the end of this month.

D. The librarian told the students that they would return all borrowed books before the end of that month.

**Q11** English

Choose the correct form of future tense to fill in the blank.

If you _______ your assignments tonight, you will be free to join us at the cinema tomorrow.

A. completed

B. will have completed

C. complete ✓

D. will complete

**Q12** English

Select the option which correctly converts the given simple sentence to complex sentence.

I saw a wounded deer struggling to cross the rushing river.

A. I saw a wounded deer that was struggling to cross the rushing river. ✓

B. I saw a deer that was wounded struggling to cross the rushing river.

C. I saw a deer which was wounded and it was struggling to cross the rushing river.

D. I saw a deer that was wounded, it was struggling to cross the rushing river.

**Q13** English

Select the most appropriate idiom to substitute the underlined part of the given sentence.

During the debate, the student <u>expressed the exact truth about the issue and identified the main reason behind the problem</u>, which impressed both the judges and the audience.

A. beat around the bush

B. added fuel to the fire

C. hit the nail on the head ✓

D. kept something under wraps

Blackbook Vocabulary — Now in the App! ▶ Download Now on Google Play

generated by rank.qmaths.in

**Q14** English

Select the most appropriate option to complete the given sentence. The police fired into the _____ to clear the demonstrators from the streets last night.

A. ere
B. heir
C. air ✓
D. hair

**Q15** English

Choose the correct preposition to complete the sentence.

He went _______ Argentina.

A. to ✓
B. towards
C. in
D. on to

## Gujarati

15 Questions • Answer Key

**Q16** Gujarati

'આશ્ચર્ય' શબ્દનો સમાનાર્થી શબ્દ શોધો.

A. શોક
B. વિસ્મય ✓
C. ભય
D. ક્રોધ

**Q17** Gujarati

નીચેનામાંથી સાચો ક્રમ કયો છે ?

A. ક, ગ, ખ, ઘ
B. ક, ખ, ગ, ઘ ✓
C. ખ, ક, ગ, ઘ
D. ગ, ક, ખ, ઘ

**Q18** Gujarati

'આમરણ' શબ્દનો સમાસ ઓળખાવો.

A. દ્વંદ્વ
B. અવ્યયીભાવ ✓
C. તત્પુરુષ
D. કર્મધારય

**Q19** Gujarati

આપેલ વિકલ્પમાંથી શબ્દસમૂહ માટે એક શબ્દ શોધો : 'રણમાં આવેલો લીલોતરીવાળો પ્રદેશ'

A. સફેદ રણ
B. દ્વીપકલ્પ
C. લાલ રણ
D. રણદ્વીપ ✓

**Q20** Gujarati

નીચેનામાંથી સંજ્ઞા સાથે વિભક્તિનો ઉપયોગ થયો હોય તેવું વાક્ય શોધો.

A. ખેડૂતે હળથી આખું ખેતર ખેડી નાખ્યું. ✓
B. આમાંથી કોઈપણ એક વિષય પસંદ કરો.
C. ખરાબ ટેવો પતન તરફ દોરી જાય.
D. અમે પ્રવાસ દરમિયાન ઘણું નવું શીખ્યા.

**Q21** Gujarati

'ક્ષિતિ' શબ્દનો સમાનાર્થી શબ્દ શોધો.

A. પૃથ્વી ✓
B. સૂર્ય
C. આકાશ
D. ચંદ્ર

**Q22** Gujarati

'તે દરરોજ વહેલો ઊઠે છે.' વાક્યનું નીચેનામાંથી સાચું અંગ્રેજી વિધાન કયું છે?

A. He will get up early every day.
B. He gets up early every day. ✓
C. He is getting up early every day.
D. He got up early every day.

**Q23** Gujarati

અલંકાર ઓળખાવો: જયદીપની આંખમાંથી શ્રાવણ-ભાદરવો વહેવા લાગ્યા.

A. દ્રષ્ટિહીન અલંકાર
B. અતિશયોક્તિ અલંકાર ✓
C. ઉત્પ્રેક્ષા અલંકાર
D. વર્ણાનુપ્રાસ અલંકાર

Blackbook Vocabulary — Now in the App! ▶ Download Now on Google Play

generated by rank.qmaths.in

**Q24** Gujarati

ધ્વનિનું શ્રાવ્ય સ્વરૂપ શેના પર આધારિત છે?

- A. માત્ર કાગળની ગુણવત્તા પર
- B. હવામાં પેદા થતા ધ્વનિ મોજાં પર ✓
- C. માત્ર જોવાની શક્તિ પર
- D. શાહીના રંગ પર

**Q25** Gujarati

'સ્ + એ + ન્ + આ'થી કયો શબ્દ બને છે?

- A. સેના ✓
- B. સેન
- C. સના
- D. સૈના

**Q26** Gujarati

'માથે ચઢાવવું' કહેવતનો યોગ્ય અર્થ પસંદ કરો.

- A. માથા પર બેસાડવું
- B. પાઘડી પહેરાવવી
- C. વધુ પડતું લાડ કરવું ✓
- D. ભાર ઉપાડવો

**Q27** Gujarati

નીચે આપેલ વાક્યોમાંથી ભાષાશુદ્ધિની દૃષ્ટિએ સાચું વાક્ય ઓળખાવો.

- A. સુવિચારોનું નિયમિત શ્રવણ કરવાથી માણસનું મન પવિત્ર બને છે. ✓
- B. સુવિચારોથી નિયમિત શ્રવણ કરવાથી માણસનું મન પવિત્ર બને છે.
- C. સુવિચારોનું નિયમિત શ્રવણ કરવાથી માણસની મન પવિત્ર બને છે.
- D. સુવિચારોનું નિયમિત શ્રવણ કરવાથી માણસનું મન પવીત્ર બને છે.

**Q28** Gujarati

સાચી જોડણી હોય તેવું વાક્ય શોધો:

- A. જીવનમાં શિષ્ત હોવી જોઈએ.
- B. જીવનમાં શીસ્ત હોવી જોઈએ
- C. જીવનમાં શિસ્ત હોવી જોઈએ. ✓
- D. જિવનમાં શીસ્ત હોવી જોઈએ

**Q29** Gujarati

આ સાથે આપેલ ગુજરાતી વાક્યનો યોગ્ય અંગ્રેજી અનુવાદ ઓળખાવો : જય તેના મિત્રને મદદ કરે છે.

- A. Jay are help his friend.
- B. Jay helps his friend. ✓
- C. Jay help his friend.
- D. Jay helps him friend.

**Q30** Gujarati

અલોપ થાશે હમણાં નિશામાં : આપેલ પંક્તિનો છંદ ઓળખાવો.

- A. વંશસ્થ
- B. તોટક
- C. ઉપેન્દ્રવજ્રા ✓
- D. ઇન્દ્રવજ્રા

## General Awareness

30 Questions • Answer Key

**Q31** General Awareness

નીચેનામાંથી કોણે લોરિયસ વર્લ્ડ સ્પોર્ટ્સમેન ઓફ ધ યર એવોર્ડ (Laureus World Sportsman of the Year Award) 2026 જીત્યો?

- A. મોન્ડો ડુપ્લાન્ટિસ (Mondo Duplantis)
- B. જાનિક સિનર (Jannik Sinner)
- C. કાર્લોસ અલ્કારાઝ (Carlos Alcaraz) ✓
- D. તાડેજ પોગાકર (Tadej Pogačar)

**Q32** General Awareness

કયા સમુદ્રી પ્રવાહને ગરમ પ્રવાહ તરીકે વર્ગીકૃત કરવામાં આવે છે?

- A. પેરુ પ્રવાહ
- B. ગલ્ફ પ્રવાહ ✓
- C. બેંગુએલા પ્રવાહ
- D. લેબ્રાડોર પ્રવાહ

Blackbook Vocabulary — Now in the App! ▶ Download Now on Google Play

**Q33** General Awareness

'ગુજરાત સાયન્સ, ટેકનોલોજી અને ઇનોવેશન (STI) પોલિસી 2026-2031' હેઠળ નીચેનામાંથી કયા ક્ષેત્રને પ્રાથમિકતા ધરાવતા ક્ષેત્ર તરીકે ઓળખવામાં આવ્યું **નથી**?

A. આર્ટિફિશિયલ ઇન્ટેલિજન્સ ટેકનોલોજી (Artificial Intelligence technologies)
B. ક્વોન્ટમ ટેકનોલોજી (Quantum technologies)
C. કન્વેન્શનલ ટેક્સટાઇલ મેન્યૂફેક્ચરિંગ (Conventional textile manufacturing) ✓
D. સેમિકન્ડક્ટર ટેકનોલોજી (Semiconductor technologies)

**Q34** General Awareness

2026 ની વિધાનસભા ચૂંટણી પછી પશ્ચિમ બંગાળના મુખ્યમંત્રી કોણ બન્યા?

A. દિલીપ ઘોષ (Dilip Ghosh)
B. મમતા બેનર્જી (Mamata Banerjee)
C. સુવેન્દુ અધિકારી (Suvendu Adhikari) ✓
D. સમીક ભટ્ટાચાર્ય (Samik Bhattacharya)

**Q35** General Awareness

સંસદના કયા ગૃહને 'હાઉસ ઓફ ધ પીપલ' (House of the People) તરીકે ઓળખવામાં આવે છે?

A. રાજ્યસભા
B. વિધાનસભા
C. વિધાન પરિષદ
D. લોકસભા ✓

**Q36** General Awareness

બ્રિટિશરો અને ફ્રેન્ચો વચ્ચેના કર્ણાટક વિગ્રહો (Carnatic Wars) કયા સમયગાળા દરમિયાન થયા હતા?

A. 1765–1783
B. 1746–1763 ✓
C. 1735–1750
D. 1757–1770

**Q37** General Awareness

નીચેનામાંથી કઈ ભારતમાં નાગરિકોની એક મૂળભૂત ફરજ છે?

A. વાણી અને અભિવ્યક્તિની સ્વતંત્રતાનો અધિકાર
B. ધર્મ અને પૂજાની સ્વતંત્રતાનો અધિકાર
C. લઘુમતીઓના સાંસ્કૃતિક અને શૈક્ષણિક અધિકારો
D. રાષ્ટ્રધ્વજ અને રાષ્ટ્રીય ગાનનું સન્માન કરવું. ✓

**Q38** General Awareness

નીચેનામાંથી શું સેન્ટ્રલ બિઝનેસ ડિસ્ટ્રિક્ટ (CBD)ની અંદર અથવા તેની નજીક સ્થિત હોવાની સૌથી વધુ શક્યતા છે?

A. ડેરી ફાર્મ્સ અને મરઘાં ઉછેર કેન્દ્રો
B. રાઇસ મિલો અને ખાંડના કારખાનાઓ
C. કોલસાની ખાણો અને ખનન ક્ષેત્રો
D. મલ્ટિપ્લેક્સીસ અને રેસ્ટોરન્ટ્સ ✓

**Q39** General Awareness

આદિત્ય વિજય બ્રાહ્મણે (Aaditya Vijay Bramhane) ને જૂન 2026 માં મરણોત્તર પ્રધાનમંત્રી રાષ્ટ્રીય બાળ પુરસ્કાર એનાયત કરવામાં આવ્યો હતો, તેમણે કઈ ઘટનામાં અસાધારણ સાહસ પ્રદર્શિત કર્યું હતું?

A. બાળકોને આગમાંથી બહાર કાઢવા
B. પોતાના પિતરાઈ ભાઈઓને નદીમાં ડૂબતા બચાવવા ✓
C. પૂર દરમિયાન લોકોને બચાવવા
D. ટ્રેન અકસ્માત અટકાવવો

**Q40** General Awareness

તટસ્થીકરણની પ્રક્રિયામાં જ્યારે ઍસિડ અને બેઇઝ વચ્ચે પ્રક્રિયા થાય છે, ત્યારે કયા પદાર્થો ઉત્પન્ન થાય છે?

A. ક્ષાર અને પાણી ✓
B. કાર્બન ડાયૉક્સાઇડ અને પાણી
C. ક્ષાર અને હાઇડ્રોજન
D. પાણી અને ઑક્સિજન

**Q41** General Awareness

જ્યારે સાધનોના વૈકલ્પિક ઉપયોગો હોય, ત્યારે 'વૈકલ્પિક ખર્ચ' (Opportunity cost) નો ખ્યાલ શું દર્શાવે છે?

A. જતો કરવો પડેલો બીજો સર્વશ્રેષ્ઠ વૈકલ્પિક વિકલ્પ (મૂલ્ય) ✓
B. ઉત્પાદન દરમિયાન થયેલો કુલ ખર્ચ
C. ઉત્પાદિત વસ્તુઓ માટે ગુણવત્તાના ધોરણો
D. ઉત્પાદનમાંથી મેળવી શકાય તેવો મહત્તમ નફો

Blackbook Vocabulary — Now in the App! ► Download Now on Google Play

**Q42** General Awareness

શાસ્ત્રીય ભાષાઓ સહિત તમામ ભારતીય ભાષાઓના પ્રચાર અને વિકાસ માટે રાષ્ટ્રીય કેન્દ્ર (national centre) તરીકે કઈ સંસ્થા કાર્ય કરે છે?

A. રાષ્ટ્રીય અનુવાદ સંસ્થાન (National Translation Institute)

B. રાષ્ટ્રીય સંસ્કૃત વિશ્વવિદ્યાલય (National Sanskrit University)

C. કેન્દ્રીય ભારતીય ભાષા સંસ્થાન (Central Institute of Indian Languages) ✓

D. કેન્દ્રીય શાસ્ત્રીય તમિલ સંસ્થાન (Central Institute of Classical Tamil)

**Q43** General Awareness

1960 ના દાયકા દરમિયાન ભારતમાં હરિયાળી ક્રાંતિના ટેક્નોલોજીકલ ફોકસ/ તકનીકી ધ્યેય (technological focus)નું શ્રેષ્ઠ વર્ણન કૃષિ તત્વોનું કયું સંયોજન કરે છે?

A. ફક્ત અદ્યતન મશીનરી (advanced machinery)નો જ ઉપયોગ

B. સેન્દ્રિય ખેતી પદ્ધતિઓ અપનાવવી

C. માત્ર નવા બિયારણનો ઉપયોગ

D. બિયારણ, ખાતર (fertiliser) અને જળ ટેક્નોલોજી (water technology)નો ઉપયોગ ✓

**Q44** General Awareness

ભારતીય મહાકાવ્યોની વાર્તાઓને પ્રસ્તુત કરવા માટે કથકલી નર્તકો (dancers) દ્વારા કયા કલાત્મક તત્ત્વો (artistic elements) નો ઉપયોગ કરવામાં આવે છે?

A. ચહેરાના સ્ટાઇલાઇઝ્ડ હાવભાવ (stylised facial expressions), હસ્ત મુદ્રાઓ અને શારીરિક મૂવમેંટ્સ (body movements) ✓

B. પગની લયબદ્ધ (rhythmic) મૂવમેંટ્સ, સંતુલિત પોશ્ચર્સ (balanced postures) અને આકર્ષક શારીરિક હાવભાવ (gestures)

C. સુશોભિત આભૂષણો, પરંપરાગત પોશાક અને ફેસ્ટિવ મૂવમેંટ્સ (festive movements)

D. ભવ્ય પોશાક (elaborate costumes), રંગેલા ચહેરાઓ અને અલંકૃત મુગટ (ornate crowns)

**Q45** General Awareness

ધ્વનિ તરંગો માટેની સ્લિંકીની સામ્યતા (slinky analogy)માં, સ્લિંકીના દરેક આંટા (turn)નું દોલન એ હવામાં ધ્વનિ પ્રસરણ દરમિયાન હવાના કણોની ગતિ વિશે શું દર્શાવે છે?

A. દોલન દર્શાવે છે કે હવાના કણો પોતાની મધ્યમાન સ્થિતિ (mean positions)ની આસપાસ કંપન કરે છે. ✓

B. હવાના કણો ધ્વનિ તરંગની સાથે માત્ર આગળની બાજુએ ગતિ કરે છે.

C. દોલન દર્શાવે છે કે હવાના કણો સ્થિર છે અને તરંગ ગતિ (wave motion)માં ભાગ લેતા નથી.

D. દોલન દર્શાવે છે કે હવાના કણો પોતાના અક્ષ પર પરિભ્રમણ કરે છે.

**Q46** General Awareness

નીચેનામાંથી કઈ ગ્રામીણ વસાહતોની સરખામણીમાં શહેરી વસાહતોની લાક્ષણિકતા છે?

A. મુખ્યત્વે પ્રાથમિક પ્રવૃત્તિઓ પર નિર્ભરતા

B. વધુ વસ્તી ધરાવતી ગીચ વસાહત ✓

C. ગતિશીલ વસ્તી ધરાવતી અસ્થાયી વસાહત

D. છૂટી-છવાઈ વસ્તી ધરાવતું નાનું કદ

**Q47** General Awareness

નીચેનામાંથી કયું, 1857 ના બળવાનું મુખ્ય રાજકીય કારણ (political cause) હતું?

A. રેલવેનો વિસ્તાર

B. અંગ્રેજી શિક્ષણની રજૂઆત

C. ખાલસા નીતિ અને જોડાણ/ વિલય (વિસ્તારવાદ)ની નીતિઓ ✓

D. ટપાલ વ્યવસ્થાની રજૂઆત

**Q48** General Awareness

નીચેનામાંથી કયો વિકલ્પ 'રાજ્યનીતિના માર્ગદર્શક સિદ્ધાંતો' ના સ્વરૂપને સૌથી સારી રીતે સમજાવે છે?

A. તે બિન-ન્યાયિક સિદ્ધાંતો છે જે શાસન માટે નીતિ ઘડતરમાં રાજ્યને માર્ગદર્શન આપે છે. ✓

B. તે યોગ્ય વહીવટી કામગીરી સુનિશ્ચિત કરવા માટે અદાલતો દ્વારા જારી કરવામાં આવેલા ન્યાયિક આદેશો છે.

C. તે કામચલાઉ જોગવાઈઓ છે જે ભારતમાં માત્ર કટોકટીની પરિસ્થિતિઓ દરમિયાન જ લાગુ થાય છે.

D. તે બંધારણીય ઉપચારો દ્વારા નાગરિકોને મળેલા અમલીકરણ યોગ્ય હકો છે.

**Q49** General Awareness

કયા પ્રકારની વસાહત મુખ્યત્વે પ્રાથમિક આર્થિક પ્રવૃત્તિઓ સાથે સંકળાયેલી છે?

A. શહેરી વસાહત

B. વિશાળ મહાનગર (Megalopolis)

C. મેટ્રોપોલિટન વસાહત

D. ગ્રામીણ વસાહત ✓

Blackbook Vocabulary — Now in the App! ▶ Download Now on Google Play

generated by rank.qmaths.in

**Q50** General Awareness

ઋગ્વેદિક શબ્દ 'ગોમત' (gomat) નો અર્થ શું થાય છે?

A. એક ગોવાળ

B. એક પશુ બજાર

C. એક યજ્ઞ પુરોહિત

D. એક સમૃદ્ધ વ્યક્તિ જે પશુઓ ધરાવે છે ✓

**Q51** General Awareness

ફેબ્રુઆરી 2026 માં, 13મો એશિયા-પેસિફિક ફોરમ ઓન સસ્ટેનેબલ ડેવલપમેન્ટ (APFSD) ક્યાં યોજાયો હતો?

A. મનીલા

B. કુઆલાલમ્પુર

C. જાકાર્તા

D. બેંગકોક ✓

**Q52** General Awareness

ગુજરાત બજેટ 2026–27 મુજબ, કયા વર્ષને 'ગુજરાત પ્રવાસન વર્ષ' (Gujarat Tourism Year) તરીકે જાહેર કરવામાં આવ્યું છે?

A. 2026 ✓

B. 2028

C. 2025

D. 2027

**Q53** General Awareness

નીચેનામાંથી કયું પગલું WTOની સમજૂતીઓ હેઠળ વેપાર ઉદારીકરણ પ્રત્યે ભારતની પ્રતિબદ્ધતા દર્શાવે છે?

A. આયાત પ્રતિબંધો અને ટેરિફ અવરોધો ઘટાડવા ✓

B. વધારાના બિન-ટેરિફ વેપાર અવરોધો દાખલ કરવા

C. સ્થાનિક બજારોમાં વિદેશી રોકાણ પર પ્રતિબંધ મૂકવો

D. સ્થાનિક ઉદ્યોગો માટે નિકાસ સબસિડીનો વિસ્તાર કરવો

**Q54** General Awareness

હડપ્પીય સંસ્કૃતિના મકાનોમાં, સ્નાનગૃહ સામાન્ય રીતે નીચેનામાંથી કઈ ગટર વ્યવસ્થા (ડ્રેનેજ સિસ્ટમ) સાથે જોડાયેલા હતા?

A. ઢાંકેલી ગટરો અને મેનહોલનું નેટવર્ક ✓

B. સિંચાઈ માટેની નહેરોનું નેટવર્ક

C. અન્નભંડારોનું નેટવર્ક

D. ખુલ્લા તળાવોનું નેટવર્ક

**Q55** General Awareness

એપ્રિલ 2026 માં, નીચેનામાંથી કઈ સંસ્થા/ મંત્રાલય દ્વારા ઓડિશાના ભુવનેશ્વર ખાતે રાજ્યો/ કેન્દ્રશાસિત પ્રદેશો અને અન્ય સ્ટેકહોલ્ડર્સ સાથે મળીને "હાર્મનાઇઝિંગ એડમિનિસ્ટ્રેટિવ ડેટા ફોર ગવર્નન્સ (Harmonizing Administrative Data for Governance)" પર એક રાષ્ટ્રીય વિચાર-વિમર્શ શિખર સંમેલન (National Deliberative Summit)નું આયોજન કરવામાં આવ્યું હતું?

A. સાંખ્યિકી અને કાર્યક્રમ અમલીકરણ મંત્રાલય (Ministry of Statistics and Programme Implementation) ✓

B. મહિલા અને બાળ વિકાસ મંત્રાલય

C. આરોગ્ય અને પરિવાર કલ્યાણ મંત્રાલય (Ministry of Health and Family Welfare)

D. નીતિ આયોગ (નેશનલ ઇન્સ્ટિટ્યુશન ફોર ટ્રાન્સફોર્મિંગ ઇન્ડિયા)

**Q56** General Awareness

ધ પ્રમોશન એન્ડ રેગ્યુલેશન ઓફ ઓનલાઈન ગેમિંગ (PROG) અધિનિયમ, 2025 મુખ્યત્વે શાના કારણે થતાં નુકસાનને રોકવા સાથે સંબંધિત છે?

A. ઓનલાઇન શોપિંગ વેબસાઇટ્સ

B. સોશિયલ મીડિયા એપ્લિકેશન્સ

C. ઓનલાઇન મની ગેમિંગ ✓

D. વિડિયો સ્ટ્રીમિંગ પ્લેટફોર્મ

**Q57** General Awareness

કાશ્મીરી મંદિરોમાં સામાન્ય રીતે શા માટે ઢાળવાળા છાપરાં રાખવામાં આવતાં હતાં?

A. નકશીકામ કરવા માટે વધુ જગ્યા પૂરી પાડવા માટે

B. અંદર વધુ કુદરતી પ્રકાશ આવી શકે તે માટે

C. ગુપ્ત યુગના મંદિરની પરંપરાઓનું પાલન કરવા માટે

D. ભારે હિમવર્ષાને સરળતાથી સરકાવી દેવા માટે ✓

**Q58** General Awareness

મે 2026 માં, IISS શાંગરી-લા સંવાદ (IISS Shangri-La Dialogue) 2026 કયા દેશમાં યોજાયો હતો?

A. ઈન્ડોનેશિયા

B. મલેશિયા

C. સિંગાપોર ✓

D. જાપાન

Blackbook Vocabulary — Now in the App! ► Download Now on Google Play

generated by rank.qmaths.in

**Q59** General Awareness

ભારતમાં બાયોલોજિક્સ (biologics) અને બાયોસિમિલર્સ (biosimilars) માટેની સંપૂર્ણ ઇકોસિસ્ટમને મજબૂત બનાવવાના હેતુથી, પાંચ વર્ષના ગાળામાં ₹10,000 કરોડની ફાળવણી સાથે કેન્દ્રીય બજેટ 2026–27માં નીચેનામાંથી કઈ પહેલની જાહેરાત કરવામાં આવી હતી?

- **A.** બાયોફાર્મા SHAKTI ✓
- **B.** બાયોફાર્મા PRIDE
- **C.** બાયોફાર્મા MITRA
- **D.** બાયોફાર્મા YOUNG

**Q60** General Awareness

જ્યારે કોઈ વ્યક્તિ એક બોક્સને ધક્કો મારે છે અને બોક્સ હજુ ગતિ શરૂ કરી છે અને તે પ્રવેગિત થાય છે, ત્યારે તેના પર કાર્યરત લાગુ પાડેલા સમક્ષિતિજ બળો વિષે નીચેનામાંથી શું સાચું હોવું જોઈએ?

- **A.** બંને બળો ઘર્ષણની દિશા છે તે દિશામાં જ કાર્ય કરે છે.
- **B.** લાગુ પાડેલું બળ ઘર્ષણ બળ જેટલું જ રહે છે.
- **C.** લાગુ પાડેલું બળ ઘર્ષણ બળ કરતાં વધી થયું છે. ✓
- **D.** ઘર્ષણ બળ લાગુ પાડેલા બળ કરતાં વધારે રહે છે.

## Quantitative Aptitude

30 Questions • Answer Key

**Q61** Quantitative Aptitude

ડેટા 8, 12, 15, 20, x નો મધ્યક (mean) 15 છે. x નું મૂલ્ય શોધો.

- **A.** 22
- **B.** 16
- **C.** 20 ✓
- **D.** 18

**Q62** Quantitative Aptitude

જો કોઈ વેપારી ₹4,600 માં એક વસ્તુ વેચે છે અને ₹600 નો નફો મેળવે છે, તો તેને કેટલા ટકા નફો થશે?

- **A.** 15% ✓
- **B.** 10%
- **C.** 18%
- **D.** 12%

**Q63** Quantitative Aptitude

જો કોઈ રકમ ચક્રવૃદ્ધિ વ્યાજે 8 વર્ષમાં તેના મૂળ મૂલ્ય કરતાં 16 ગણી થઈ જતી હોય, તો તે જ વ્યાજ દરે તેના મૂળ મૂલ્ય કરતાં 256 ગણી થતાં તેને કેટલાં વર્ષો લાગશે?

- **A.** 16 વર્ષ ✓
- **B.** 32 વર્ષ
- **C.** 24 વર્ષ
- **D.** 12 વર્ષ

**Q64** Quantitative Aptitude

મનીષાએ ખુરશીઓનો એક સેટ ખરીદ્યો અને તેને ₹4,400 માં વેચી દીધો, જેનાથી તેને 12% ની ખોટ ગઈ, તો ખુરશીઓના એ સેટની મૂળ પડતર કિંમત કેટલી હતી?

- **A.** ₹5,000 ✓
- **B.** ₹5,200
- **C.** ₹5,100
- **D.** ₹4,900

**Q65** Quantitative Aptitude

એક સાયકલ સવાર 12 km/h ની ઝડપે 24 km ની મુસાફરી કરે છે અને પછી 24 km/h ની ઝડપે બીજા 24 km ની મુસાફરી કરે છે. આ આખી મુસાફરીની સરેરાશ ઝડપ કેટલી હશે?

- **A.** 18 km/h
- **B.** 14 km/h
- **C.** 20 km/h
- **D.** 16 km/h ✓

**Q66** Quantitative Aptitude

એક વેપારી ₹640માં એક વસ્તુ ખરીદે છે અને તેને 25%ના નફામાં વેચે છે. તો વેચાણ કિંમત શું હશે?

- **A.** ₹860
- **B.** ₹720
- **C.** ₹900
- **D.** ₹800 ✓

Blackbook Vocabulary — Now in the App! ▶ Download Now on Google Play

**Q67** Quantitative Aptitude

જો તમે ₹2,00,000 વાર્ષિક 6% ના સાદા વ્યાજના દરે 5 વર્ષ માટે ઉછીના લો, તો ચૂકવવાપાત્ર કુલ સાદું વ્યાજ કેટલું થશે?

A. ₹6,000

B. ₹60,000 ✓

C. ₹20,000

D. ₹12,000

**Q68** Quantitative Aptitude

એક કાર એ મુસાફરીનો પ્રથમ એક-તૃતીયાંશ અંતર 40 km/h ની ઝડપે કાપે છે, આગામી (next) એક-તૃતીયાંશ અંતર 60 km/h ની ઝડપે કાપે છે અને અંતિમ એક-તૃતીયાંશ અંતર 120 km/h ની ઝડપે કાપે છે. તો સમગ્ર મુસાફરી માટે કારની સરેરાશ ઝડપ કેટલી છે?

A. 60 km/h ✓

B. 72 km/h

C. 56 km/h

D. 80 km/h

**Q69** Quantitative Aptitude

50 કોર્પોરેટ તાલીમાર્થીઓનું એક ગ્રૂપ નીચે આપ્યા મુજબ દૈનિક ભથ્થું મેળવે છે.

8 તાલીમાર્થીઓને ₹200-₹400 ની વચ્ચે, 12 તાલીમાર્થીઓને ₹400-₹600 ની વચ્ચે, 15 તાલીમાર્થીઓને ₹600-₹800 ની વચ્ચે, 10 તાલીમાર્થીઓને ₹800-₹1000 ની વચ્ચે અને 5 તાલીમાર્થીઓને ₹1000-₹1200 ની વચ્ચે દૈનિક ભથ્થું મળે છે. ગ્રૂપ માટે સાચું મધ્યક (સરેરાશ) દૈનિક ભથ્થું કેટલું છે?

A. ₹668 ✓

B. ₹616

C. ₹634

D. ₹648

**Q70** Quantitative Aptitude

નીચેનામાંથી કયા ગુણોત્તરનું મૂલ્ય સૌથી વધુ છે?

1 : 2, 2 : 3, 7 : 5, અથવા 3 : 4

A. 7 : 5 ✓

B. 1 : 2

C. 2 : 3

D. 3 : 4

**Q71** Quantitative Aptitude

જો 12 પ્રિન્ટર એક કલાકમાં 3,600 પાનાં છાપી શકે છે, તો 18 પ્રિન્ટર એક કલાકમાં કેટલા પાનાં છાપી શકે છે?

A. 2,400

B. 5,400 ✓

C. 4,800

D. 6,000

**Q72** Quantitative Aptitude

જો, પાઇપ A એક ટાંકીને 10 કલાકમાં ભરે છે, તો 1 કલાકમાં તે ટાંકીનો કેટલો ભાગ ભરે છે?

A. એક-દસમાંશ ભાગ ✓

B. એક-પંચમાંશ ભાગ

C. એક-ચતુર્થાંશ ભાગ

D. એક-વીસમાંશ ભાગ

**Q73** Quantitative Aptitude

જો સમીકરણ $x^2 + 3x + m = 0$ અને $x^2 + 6x + 5 = 0$ ને એક અને માત્ર એક જ સામાન્ય બીજ હોય, તો m ના તમામ શક્ય મૂલ્યો શોધો.

A. m = -2 અથવા m = 10

B. m = -2 અથવા m = 8

C. m = 2 અથવા m = -10 ✓

D. m = 2 અથવા m = -8

**Q74** Quantitative Aptitude

એક નળાકાર પાઇપની માત્ર વક્રસપાટીને એક વોટરપ્રૂફ શીટ વડે ઢાંકવાની છે અને આ શીટ લગાડવાનો ખર્ચ પ્રતિ ચોરસ cm ના ₹15 છે. જો પાઇપની લંબાઈ 50 cm અને વ્યાસ 14 cm હોય, તો પાઇપને ઢાંકવા માટે થતો કુલ ખર્ચ શોધો.

A. ₹33,000 ✓

B. ₹31,500

C. ₹28,000

D. ₹36,000

Blackbook Vocabulary — Now in the App! ► Download Now on Google Play

**Q75** Quantitative Aptitude

બિંદુઓ (3, 7) અને (9, 1) ને જોડતા રેખાખંડ (line segment) નું 2:1 ના ગુણોત્તરમાં અંતઃવિભાજન (internally) કરતા બિંદુના યામ શોધો.

- **A.** (7, 3) ✓
- **B.** (5, 5)
- **C.** (8, 2)
- **D.** (6, 4)

**Q76** Quantitative Aptitude

એક ઓટોમોબાઈલ ઉત્પાદન પ્લાન્ટનું માસિક ઉત્પાદન આઉટપુટ કાચા માલની અછતને કારણે 20% ઘટે છે. તેના મૂળ કાર્યકારી સ્તર પર પાછા આવવા માટે હવે ઘટેલા ઉત્પાદનમાં કેટલા ટકાનો વધારો કરવો જ જોઈએ?

- **A.** 15%
- **B.** 18%
- **C.** 20%
- **D.** 25% ✓

**Q77** Quantitative Aptitude

એક નિસરણી દીવાલ સાથે એવી રીતે ગોઠવેલી છે કે જેથી તે જમીન સાથે 60° નો ખૂણો બનાવે છે. જો નિસરણીનો નીચેનો છેડો દીવાલથી 4 મીટર દૂર હોય, તો નિસરણીની લંબાઈ કેટલી હશે?

- **A.** 6 મીટર
- **B.** 10 મીટર
- **C.** 5 મીટર
- **D.** 8 મીટર ✓

**Q78** Quantitative Aptitude

એક માણસ 14 કલાકમાં 70 km દોડે છે અને ત્યારબાદ 12 કલાકમાં 48 km ચાલે છે. સમગ્ર મુસાફરી માટે માણસની સરેરાશ ઝડપ શોધો. (તમારા જવાબને બે દશાંશ સુધી આવરી લો.)

- **A.** 4.54 km/h ✓
- **B.** 4.14 km/h
- **C.** 4.34 km/h
- **D.** 4.74 km/h

**Q79** Quantitative Aptitude

જો દ્વિઘાત સમીકરણ $x^2 - 12x + k = 0$ ના બીજનો તફાવત 8 હોય, તો k નું મૂલ્ય શોધો.

- **A.** 16
- **B.** 24
- **C.** 20 ✓
- **D.** 28

**Q80** Quantitative Aptitude

(2x - 5) (2x + 5) નું સાદું રૂપ આપતાં નીચેનામાંથી કયું પરિણામ મળશે?

- **A.** $2x^2 - 25$
- **B.** $4x^2 + 25$
- **C.** $4x^2 - 25$ ✓
- **D.** 4x - 25

**Q81** Quantitative Aptitude

જો એક સમાંતરબાજુ ચતુષ્કોણનો પાયો 8 cm અને તેને અનુરૂપ ઊંચાઈ 5 cm હોય, તો તેનું ક્ષેત્રફળ કેટલું હશે?

- **A.** 1. 16 $cm^2$
- **B.** 2. 40 $cm^2$ ✓
- **C.** 3. 13 $cm^2$
- **D.** 4. 80 $cm^2$

**Q82** Quantitative Aptitude

એક પગારદાર કર્મચારી (salaried employee) નિશ્ચિત (fixed) માસિક આવક કમાય છે અને તેમાંથી બરાબર 80% ઘરખર્ચ પાછળ ખર્ચે છે. જો કર્મચારી દર મહિને ₹6,000 ની બચત કરતો હોય, તો તેની માસિક આવક કેટલી હશે?

- **A.** ₹25,000
- **B.** ₹30,000 ✓
- **C.** ₹27,000
- **D.** ₹24,000

Blackbook Vocabulary — Now in the App! ► Download Now on Google Play

generated by rank.qmaths.in

**Q83** Quantitative Aptitude

એક પાઈપ એક ટાંકીને 10 કલાકમાં ભરી શકે છે, પરંતુ લીકેજ સાથે તે તેને 15 કલાકમાં ભરે છે. તો પૂરેપૂરી ભરાયેલી ટાંકીને ખાલી કરવામાં લીકેજ એકલાને કેટલો સમય લાગશે?

A. 30 કલાક ✓

B. 35 કલાક

C. 20 કલાક

D. 25 કલાક

**Q84** Quantitative Aptitude

જો p અને q બે ભિન્ન અવિભાજ્ય સંખ્યાઓ હોય, તો તેમના ગુણનફળમાં 3 ઉમેરવાથી અને ગુણનફળમાં 4 ઉમેરવાથી મળતી સંખ્યાઓનો ગુરુત્તમ સામાન્ય અવયવ (ગુ.સા.અ.) કેટલો થાય?

A. 5

B. 1 ✓

C. 2

D. 3

**Q85** Quantitative Aptitude

વાર્ષિક 10% ચક્રવૃદ્ધિ વ્યાજ દરે રોકાણ કરેલી એક રકમ, વાર્ષિક રીતે ચક્રવૃદ્ધિએ 2 વર્ષમાં ₹12,100 થાય, તો મુદ્દલ શોધો.

A. ₹11,100

B. ₹10,000 ✓

C. ₹11,000

D. ₹10,500

**Q86** Quantitative Aptitude

એક પાઇપ ટાંકીને 12 કલાકમાં ભરે છે, જ્યારે તળિયે રહેલું લીકેજ (leak) 24 કલાકમાં સંપૂર્ણપણે ભરેલી ટાંકીને ખાલી કરી શકે છે. જો બંને એકસાથે ખુલ્લા હોય, તો ખાલી ટાંકીને ભરવામાં કેટલો સમય લાગશે?

A. 18 કલાક

B. 8 કલાક

C. 24 કલાક ✓

D. 16 કલાક

**Q87** Quantitative Aptitude

$\frac{1}{2}, \frac{3}{4}$ અને $\frac{5}{6}$ નું ચોથું પ્રમાણપદ કેટલું છે?

A. 1. $\frac{3}{8}$

B. 2. $\frac{5}{4}$ ✓

C. 3. $\frac{1}{4}$

D. 4. $\frac{9}{8}$

**Q88** Quantitative Aptitude

સાદું રૂપ આપો: $7+3\times2$

A. 13 ✓

B. 12

C. 15

D. 14

Blackbook Vocabulary — Now in the App! ► Download Now on Google Play

generated by rank.qmaths.in

**Q89** Quantitative Aptitude

એક શંકુ આકારના તંબૂનું ઘનફળ (volume) 1232 $m^3$ છે. જો આધાર (base) ની ત્રિજ્યા 7 m હોય, તો તંબૂની ઊંચાઈ શોધો.

$\left(\pi = \frac{22}{7}\right)$

A. 20 m

B. 21 m

C. 24 m ✓

D. 18 m

**Q90** Quantitative Aptitude

$\sec\theta - \tan\theta = \frac{1}{2}$ આપેલું છે. $\sec\theta + \tan\theta$ નું મૂલ્ય શોધો.

A. 1

B. 2 ✓

C. 4

D. 3

## Reasoning

60 Questions • Answer Key

**Q91** Reasoning

આ પ્રશ્નમાં, એક પ્રશ્ન પછી (I) અને (II) થી ક્રમાંકિત બે વિધાનો આપવામાં આવ્યા છે. તમારે નક્કી કરવાનું છે કે વિધાનોમાં આપેલી માહિતી એ પ્રશ્નનો જવાબ આપવા માટે પૂરતી છે કે નહીં. બંને વિધાનો વાંચો અને સૌથી યોગ્ય જવાબ પસંદ કરો.

પ્રશ્ન:
"Calm" માટેનો કોડ શું છે?

વિધાનો:
(I): "Calm Bold" ને "de fg" તરીકે કોડ કરવામાં આવ્યું છે.
(II): "Bold Calm Keen" ને "fg de hi" તરીકે કોડ કરવામાં આવ્યું છે.

A. વિધાનો (I) અને (II) માં આપેલી માહિતીને એકસાથે લેતા (અને વિધાન I અથવા વિધાન II ની માહિતીને એકલી રીતે ધ્યાનમાં ન લેતા) તે પ્રશ્નનો જવાબ આપવા માટે પૂરતી છે.

B. વિધાનો (I) અને (II) માં આપેલી માહિતીને એકસાથે લેતા તે પ્રશ્નનો જવાબ આપવા માટે પૂરતી નથી. ✓

C. વિધાન (II) માં આપેલી માહિતી એકલી જ પ્રશ્નનો જવાબ આપવા માટે પૂરતી છે, જ્યારે કે વિધાન (I) માં આપેલી માહિતી એકલી પ્રશ્નનો જવાબ આપવા માટે પૂરતી નથી.

D. વિધાન (I) માં આપેલી માહિતી એકલી જ પ્રશ્નનો જવાબ આપવા માટે પૂરતી છે, જ્યારે કે વિધાન (II) માં આપેલી માહિતી એકલી પ્રશ્નનો જવાબ આપવા માટે પૂરતી નથી.

**Q92** Reasoning

M, A, D અને N પૈકી, દરેક મૂળાક્ષરોનો ઉપયોગ કરીને પરંતુ દરેક શબ્દમાં દરેક મૂળાક્ષરનો માત્ર એક જ વાર ઉપયોગ કરીને બધા મૂળાક્ષરો સાથે કેટલા ચાર-અક્ષરના અર્થપૂર્ણ અંગ્રેજી શબ્દો બનાવી શકાય?

A. 3

B. 2

C. 4

D. 1 ✓

**Q93** Reasoning

નીચેના અક્ષરોની શ્રેણીનો સંદર્ભ લો અને પ્રશ્નનો જવાબ આપો. ગણતરી ફક્ત ડાબી બાજુથી જમણી બાજુ જ કરવાની છે.
(ડાબી બાજુ) D N I K B P U L W X D R Y V C T Z M P T T (જમણી બાજુ)
એવા કેટલા વ્યંજનો છે, જે દરેકની તરત જ પહેલાં એક સ્વર આવે છે અને તરત જ પછી પણ એક સ્વર પણ આવે છે?

A. એક પણ નહીં ✓

B. બે

C. એક

D. ત્રણ

Blackbook Vocabulary — Now in the App! ▶ Download Now on Google Play

**Q94** Reasoning

એક સચોટ એનાલોગ ઘડિયાળનું અરીસામાં પ્રતિબિંબ 01:37 કલાકનો સમય દર્શાવે છે. તો ઘડિયાળમાં દર્શાવેલો વાસ્તવિક સમય શું હશે?

A. 09:33 કલાક

B. 10:23 કલાક ✓

C. 10:32 કલાક

D. 11.23 કલાક

**Q95** Reasoning

આ પ્રશ્નમાં, એક પ્રશ્ન પછી (I) અને (II) થી ક્રમાંકિત બે વિધાનો આપવામાં આવ્યા છે. તમારે નક્કી કરવાનું છે કે વિધાનોમાં આપેલી માહિતી એ પ્રશ્નનો જવાબ આપવા માટે પૂરતી છે કે નહીં. બંને વિધાનો વાંચો અને સૌથી યોગ્ય જવાબ પસંદ કરો.

પ્રશ્ન:
W એ V સાથે કેવી રીતે સંબંધિત છે?

વિધાનો:
(I) W એ V ના સહોદર સાથે પરિણીત છે.
(II) W અને V એ એક જ પરિવારની સમાન પેઢીના છે.

A. વિધાન (I) માં આપેલી માહિતી એકલી જ પ્રશ્નનો જવાબ આપવા માટે પૂરતી છે, જ્યારે કે વિધાન (II) માં આપેલી માહિતી એકલી પ્રશ્નનો જવાબ આપવા માટે પૂરતી નથી.

B. વિધાન (I) અને (II) માં આપેલી માહિતીને એકસાથે લેતા (અને વિધાન I અથવા વિધાન II ની માહિતીને એકલી રીતે ધ્યાનમાં ન લેતા) તે પ્રશ્નનો જવાબ આપવા માટે પૂરતી છે.

C. વિધાન (I) અને (II) માં આપેલી માહિતીને એકસાથે લેતા તે પ્રશ્નનો જવાબ આપવા માટે પૂરતી નથી. ✓

D. વિધાન (II) માં આપેલી માહિતી એકલી જ પ્રશ્નનો જવાબ આપવા માટે પૂરતી છે, જ્યારે કે વિધાન (I) માં આપેલી માહિતી એકલી પ્રશ્નનો જવાબ આપવા માટે પૂરતી નથી.

**Q96** Reasoning

નીચે આપેલી સંખ્યા અને પ્રતીક શ્રેણીનો અભ્યાસ કરો અને તેની નીચે આપેલા પ્રશ્નનો જવાબ આપો

(ડાબી બાજુ) Q H V 1 5 @ $ 6 5 N E % # @ 2 R J K S 8 1 % @ (જમણી બાજુ)

જો શ્રેણીમાંથી તમામ અક્ષરો કાઢી નાખવામાં આવે, તો જમણી બાજુથી સાતમા ક્રમે નીચેનામાંથી કયું આવશે?

A. %

B. 2

C. @

D. # ✓

**Q97** Reasoning

જો સંખ્યા 3651428 ના દરેક એકી અંકમાં 1 ઉમેરવામાં આવે અને દરેક બેકી અંકમાંથી 2 બાદ કરવામાં આવે, તો આ રીતે બનેલી નવી સંખ્યામાં ડાબી બાજુથી બીજા અને જમણી બાજુથી ત્રીજા ક્રમે આવતા અંકોનો સરવાળો કેટલો થશે?

A. 4

B. 2

C. 8

D. 6 ✓

**Q98** Reasoning

જો '+' અને '-' ની પરસ્પર અદલાબદલી કરવામાં આવે અને '×' અને '÷' ની પરસ્પર અદલાબદલી કરવામાં આવે, તો નીચેના સમીકરણમાં '?' ના સ્થાને શું આવશે?

$14 \times 2 + 18 - 6 \div 3 = ?$

A. 9

B. 8

C. 6

D. 7 ✓

**Q99** Reasoning

જ્યોતિ પોઈન્ટ A થી ડ્રાઇવ કરવાનું શરૂ કરે છે અને ઉત્તર તરફ 60 km ડ્રાઇવ કરે છે. પછી તે જમણો વળાંક લે છે અને 58 km ડ્રાઇવ કરે છે. તે ફરી જમણો વળાંક લે છે અને 61 km ડ્રાઇવ કરે છે. ત્યારબાદ, તે ફરીથી જમણો વળાંક લે છે અને 60 km ડ્રાઇવ કરે છે. તે અંતિમ જમણો વળાંક લે છે અને 1 km ડ્રાઇવ કરીને પોઈન્ટ P પર અટકે છે. તો પોઈન્ટ A પર ફરીથી પહોંચવા માટે તેણે કેટલું દૂર (સૌથી ટૂંકું અંતર) અને કઈ દિશા તરફ ડ્રાઇવ કરવું જોઈએ? (બધા વળાંક ફક્ત 90 ડિગ્રી વળાંક છે સિવાય કે ઉલ્લેખિત હોય).

A. પૂર્વ તરફ 1 km

B. ઉત્તર તરફ 4 km

C. પશ્ચિમ તરફ 3 km

D. પૂર્વ તરફ 2 km ✓

Blackbook Vocabulary — Now in the App! ▶ Download Now on Google Play

generated by rank.qmaths.in

**Q100** Reasoning

આ પ્રશ્નમાં, એક પ્રશ્ન પછી I અને II થી ક્રમાંકિત બે વિધાનો આપવામાં આવ્યા છે. તમારે નક્કી કરવાનું છે કે વિધાનોમાં આપેલી માહિતી એ પ્રશ્નનો જવાબ આપવા માટે પૂરતી છે કે નહીં. બંને વિધાનો વાંચો અને સૌથી યોગ્ય જવાબ પસંદ કરો.

પ્રશ્ન:
"Dusk" માટેનો કોડ શું છે?

વિધાનો:
I: "Dusk Dawn" ને "ri so" તરીકે કોડ કરવામાં આવ્યું છે.
II: "Dawn Noon" ને "so tu" તરીકે કોડ કરવામાં આવ્યું છે.

A. વિધાનો I અને II માં આપેલી માહિતીને એકસાથે લેતા (અને વિધાન I અથવા વિધાન II ની માહિતીને એકલી રીતે ધ્યાનમાં ન લેતા) તે પ્રશ્નનો જવાબ આપવા માટે પૂરતી છે. ✓

B. વિધાન II માં આપેલી માહિતી એકલી જ પ્રશ્નનો જવાબ આપવા માટે પૂરતી છે, જ્યારે કે વિધાન I માં આપેલી માહિતી એકલી પ્રશ્નનો જવાબ આપવા માટે પૂરતી નથી.

C. વિધાનો I અને II માં આપેલી માહિતીને એકસાથે લેતા તે પ્રશ્નનો જવાબ આપવા માટે પૂરતી નથી.

D. વિધાન I માં આપેલી માહિતી એકલી જ પ્રશ્નનો જવાબ આપવા માટે પૂરતી છે, જ્યારે કે વિધાન II માં આપેલી માહિતી એકલી પ્રશ્નનો જવાબ આપવા માટે પૂરતી નથી.

**Q101** Reasoning

A, B, C, D અને E ની ઊંચાઈ અલગ-અલગ છે. D એ B કરતાં ઊંચો છે પણ C કરતાં નીચો છે. C એ E કરતાં ઊંચો છે પણ A કરતાં નીચો છે. E એ B કરતાં ઊંચો છે પણ D કરતાં નીચો છે.
તો કેટલા લોકો D કરતાં નીચા છે?

A. એક

B. ત્રણ

C. બે ✓

D. ચાર

**Q102** Reasoning

નીચેના સમીકરણમાં પ્રશ્નચિહ્ન (?) ના સ્થાને આવી શકે તેવું સૌથી નજીકનું અંદાજિત મૂલ્ય કયો વિકલ્પ દર્શાવે છે?
15.01 x 3.98 + 24.95 - 9.99 = ?

A. 60

B. 75 ✓

C. 95

D. 85

**Q103** Reasoning

જો MATRIX શબ્દના દરેક અક્ષરને અંગ્રેજી મૂળાક્ષરોના ક્રમ મુજબ ગોઠવવામાં આવે, તો કેટલા અક્ષરોનું સ્થાન યથાવત (અપરિવર્તિત) રહેશે?

A. એકપણ નહીં

B. બે ✓

C. ત્રણ

D. એક

**Q104** Reasoning

નીચેના શબ્દોની ગોઠવણી તાર્કિક અને અર્થપૂર્ણ ક્રમમાં દર્શાવતા સાચા વિકલ્પની પસંદગી કરો.
1. બચ્ચા
2. ઇંડા
3. મરઘી
4. હેચિંગ (Hatching)
5. વૃદ્ધિ

A. 3, 4, 1, 2, 5

B. 4, 3, 1, 2, 5

C. 1, 4, 3, 2, 5

D. 2, 4, 1, 5, 3 ✓

**Q105** Reasoning

છ લોકો A, B, C, D, E અને F એક જ ઇમારતના છ અલગ અલગ માળ પર રહે છે. ઇમારતના સૌથી નીચેનો માળ નંબર 1, તેની ઉપરનો માળ નંબર 2 છે અને તેવી જ રીતના આગળ વધતાં સૌથી ઉપરનો માળ નંબર 6 છે. B અને Aની વચ્ચે ફક્ત બે લોકો રહે છે. E એ Cની તરત જ નીચેના માળ પર રહે છે. C એકી નંબરના માળ પર રહે છે પણ 5 નંબરના માળ પર નહિ. D અને Aની વચ્ચે માત્ર F રહે છે. F અને Eની વચ્ચે કેટલા લોકો રહે છે?

A. બે ✓

B. એક પણ નહિ

C. ત્રણ

D. એક

**Q106** Reasoning

આ પ્રશ્ન નીચે આપેલી પાંચ સંખ્યાઓ પર આધારિત છે.
(ડાબી બાજુ) 739 325 6607 5042 472 (જમણી બાજુ)
નોંધ: બધી ક્રિયાઓ ડાબી બાજુથી જમણી બાજુ કરવાની રહેશે.
જો સૌથી મોટી સંખ્યાના ચોથા અંકને, સૌથી નાની સંખ્યાના બીજા અંકમાં ઉમેરવામાં આવે તો મળતું પરિણામ શું હશે?

A. 8

B. 7

C. 9 ✓

D. 10

Blackbook Vocabulary — Now in the App! ▶ Download Now on Google Play

**Q107** Reasoning

આ પ્રશ્નમાં, એક પ્રશ્ન પછી (I) અને (II) થી ક્રમાંકિત બે વિધાનો આપવામાં આવ્યા છે. તમારે નક્કી કરવાનું છે કે વિધાનોમાં આપેલી માહિતી એ પ્રશ્નનો જવાબ આપવા માટે પૂરતી છે કે નહીં. બંને વિધાનો વાંચો અને સૌથી યોગ્ય જવાબ પસંદ કરો.

પ્રશ્ન: 4 વૃક્ષો – Q, R, T અને V – અલગ-અલગ ઊંચાઈ ધરાવે છે, કયું વૃક્ષ સૌથી ઊંચું છે?

વિધાનો:
(I) T એ માત્ર એક જ વૃક્ષ કરતાં ઊંચું છે. V એ R કરતાં નીચું (shorter) છે પરંતુ Q કરતાં ઊંચું છે.
(II) V એ T કરતાં ઊંચું છે.

A. વિધાન (II) માં આપેલી માહિતી એકલી જ પ્રશ્નનો જવાબ આપવા માટે પૂરતી છે, જ્યારે કે વિધાન (I) માં આપેલી માહિતી એકલી પ્રશ્નનો જવાબ આપવા માટે પૂરતી નથી.

B. વિધાન (I) અને (II) માં આપેલી માહિતીને એકસાથે લેતા તે પ્રશ્નનો જવાબ આપવા માટે પૂરતી નથી.

C. વિધાન (I) અને (II) માં આપેલી માહિતીને એકસાથે લેતા (અને વિધાન I અથવા વિધાન II ની માહિતીને એકલી રીતે ધ્યાનમાં ન લેતા) તે પ્રશ્નનો જવાબ આપવા માટે પૂરતી છે.

D. વિધાન (I) માં આપેલી માહિતી એકલી જ પ્રશ્નનો જવાબ આપવા માટે પૂરતી છે, જ્યારે કે વિધાન (II) માં આપેલી માહિતી એકલી પ્રશ્નનો જવાબ આપવા માટે પૂરતી નથી. ✓

**Q108** Reasoning

નીચે આપેલા વિધાનો અને તારણોને કાળજીપૂર્વક વાંચો. ધારી લો કે વિધાનોમાં આપેલી માહિતી સાચી છે, ભલે તે સામાન્ય રીતે જાણીતા તથ્યોથી અલગ હોય, અને નક્કી કરો કે આપેલા તારણોમાંથી કયું તારણ/ કયા તારણો વિધાનોને તાર્કિક રીતે અનુસરે છે.

વિધાનો: બધા ભૂત એ રાક્ષસો છે. કેટલાક રાક્ષસો એ દુષ્ટ છે.

તારણ (I): બધા દુષ્ટ એ ભૂત છે.
તારણ (II): કોઈપણ રાક્ષસ એ ભૂત નથી.

A. ન તો તારણ (I) કે ન તો તારણ (II) અનુસરે છે. ✓

B. (I) અને (II) બંને તારણો અનુસરે છે.

C. ફક્ત તારણ (I) અનુસરે છે.

D. ફક્ત તારણ (II) અનુસરે છે.

**Q109** Reasoning

એક ચોક્કસ તર્ક મુજબ 8 એ 64 સાથે સંબંધિત છે. આ જ તર્કને અનુસરીને, 10 એ 100 સાથે સંબંધિત છે. તો આ સમાન તર્ક મુજબ, 13 નીચેનામાંથી કોની સાથે સંબંધિત છે?
(નોંધ: તમામ ગાણિતિક ક્રિયાઓ આખી સંખ્યા પર જ કરવાની રહેશે, સંખ્યાઓને તેના અલગ-અલગ અંકોમાં અલગ કરીને નહીં. દા.ત. 13 પર ગાણિતિક ક્રિયાઓ જેવી કે સરવાળો/બાદબાકી/ગુણાકાર વગેરે કરી શકાય છે. પરંતુ 13 ને 1 અને 3 માં અલગ કરીને તેના પર ગાણિતિક ક્રિયાઓ કરવાની મંજૂરી નથી)

A. 144

B. 156

C. 132

D. 169 ✓

**Q110** Reasoning

નીચેનામાંથી એવો વિકલ્પ પસંદ કરો જેમાં આપેલા નામ અને સરનામાની તમામ વિગતો સાચી રીતે દર્શાવવામાં આવી હોય.

Mr. Debashish K. Sen
House No. 71B, Green Park,
College Road,
Durgapur, West Bengal – 713205

A. Mr. Debashish K. Sen, House No. 71B, Green Park, College Road, Durgapur, West Bengal – 713205 ✓

B. Mr. Debashish K. Sen, House No. 17B, Green Park, College Road, Durgapur, West Bengal – 713205

C. Mr. Debashish K. Sen, House No. 71B, Green Park, College Road, Durgapur, West Bengal – 713250

D. Mr. Debashish K. Das, House No. 71B, Green Park, College Road, Durgapur, West Bengal – 713205

**Q111** Reasoning

છ લોકો H, I, J, K, U અને V એક વર્તુળાકાર મેજની ફરતે કેન્દ્ર તરફ મુખ રાખીને બેસે છે. H એ V ની તરત જ જમણી બાજુએ બેસે છે. H ની ડાબી બાજુએ ગણતરી કરવામાં આવે, તો H અને K ની વચ્ચે માત્ર ત્રણ લોકો બેસે છે. V અને J ની વચ્ચે માત્ર ત્રણ લોકો બેસે છે. U એ I ની તરત જ જમણી બાજુએ બેસે છે. I ની ડાબી બાજુએ ગણતરી કરવામાં આવે, તો H અને I ની વચ્ચે કેટલા લોકો બેસે છે?

A. બે ✓

B. ચાર

C. ત્રણ

D. એક

Blackbook Vocabulary — Now in the App! ▶ Download Now on Google Play

**Q112** Reasoning

W એ G ની પુત્રી છે. G એ H ની પત્ની છે. H એ J નો ભાઈ છે. J એ B ના પિતા છે. તો W એ B સાથે કેવી રીતે સંબંધિત છે?

A. માતાના ભાઈની પત્ની

B. પિતાના ભાઈની પુત્રી ✓

C. પિતાના ભાઈની પત્ની

D. માતાના ભાઈની પુત્રી

**Q113** Reasoning

નીચે આપેલી સંખ્યા અક્ષર, સંખ્યા, પ્રતીક શ્રેણીનો અભ્યાસ કરો અને તેની નીચે આપેલા પ્રશ્નનો જવાબ આપો.

(ડાબી બાજુ) Q I $ @ 2 V # % * N E 5 4 3 A B C % * 1 L M (જમણી બાજુ)

જો આપેલી શ્રેણીમાંથી તમામ પ્રતીકો કાઢી નાખવામાં આવે, તો નીચેનામાંથી કયું ડાબી બાજુથી પાંચમું હશે?

A. V

B. E

C. N ✓

D. 2

**Q114** Reasoning

આપેલી શ્રેણીમાં '?' ના સ્થાને શું આવવું જોઈએ?
100, 95, 90, 85, 80, ?

A. 75 ✓

B. 80

C. 70

D. 85

**Q115** Reasoning

અંગ્રેજી મૂળાક્ષરોના ક્રમના આધારે, નીચે આપેલી ચાર અક્ષર-સમૂહ જોડીઓમાંથી ત્રણ અમુક ચોક્કસ રીતે સમાન છે અને આમ એક જૂથ બનાવે છે. તો કઈ અક્ષર-સમૂહ જોડી તે જૂથ સાથે સંબંધિત નથી?
(નોંધ: અલગ પડતી અક્ષર-સમૂહ જોડી વ્યંજનો/સ્વરોની સંખ્યા અથવા અક્ષર સમૂહમાં તેમની સ્થિતિ/સ્થાન પર આધારિત નથી.)

A. VU-PO ✓

B. AX-XU

C. VS-SP

D. IF-FC

**Q116** Reasoning

સાત બોક્સ E, F, I, J, U, V અને Z પૈકી દરેકને એકબીજાની ઉપર મૂકવામાં આવ્યા છે, પરંતુ જરૂરી નથી કે તે આપેલા ક્રમમાં જ હોય. ફક્ત J ને V ની ઉપર મૂકવામાં આવ્યું છે. ફક્ત Z ને V અને U ની વચ્ચે મૂકવામાં આવ્યું છે. ફક્ત I ને E ની નીચે મૂકવામાં આવ્યું છે. તો F અને J ની વચ્ચે કેટલા બોક્સ મૂકવામાં આવ્યા છે?

A. ચાર

B. ત્રણ ✓

C. બે

D. એક

**Q117** Reasoning

અમુક ચોક્કસ તર્કને અનુસરીને RF 6 એ TE 13 સાથે સંબંધિત છે. તે જ તર્કને અનુસરીને, UL 9 એ WK 16 સાથે સંબંધિત છે. સમાન તર્કને અનુસરીને SJ 14 એ આપેલા વિકલ્પોમાંથી કયા વિકલ્પની સાથે સંબંધિત છે?

A. VA 20

B. UI 21 ✓

C. VC 24

D. VY 19

**Q118** Reasoning

બધા જ 88 લોકો ઉત્તર તરફ મુખ કરીને એક હરોળમાં ઊભા છે. મિસ્ટર ક્વામ જમણા છેડેથી 39મા સ્થાને છે, જ્યારે કે મિસ્ટર એબુકા એ ડાબા છેડેથી 24મા સ્થાને છે. મિસ્ટર ક્વામ અને મિસ્ટર એબુકા વચ્ચે કેટલા લોકો છે?

A. 24

B. 25 ✓

C. 20

D. 21

Blackbook Vocabulary — Now in the App! ▶ Download Now on Google Play

**Q119** Reasoning

P, Q, R, S, T, U અને V પૈકી દરેકની પરીક્ષા અઠવાડીયાના અલગ-અલગ દિવસે છે, જે સોમવારથી શરૂ થઈને તે જ અઠવાડીયાના રવિવારે સમાપ્ત થાય છે.
V ની પરીક્ષા બુધવારે છે. Q અને P ની વચ્ચે બરાબર 4 વ્યક્તિઓની પરીક્ષા છે, જેમાંથી કોઈની પણ પરીક્ષા સોમવારે નથી. T ની પરીક્ષા R ની તરત જ પહેલાં છે અને S ની પરીક્ષા R ની તરત જ પછી છે. U ની પરીક્ષા Q ની તરત જ પહેલાં છે.
તો T પછી કેટલા વ્યક્તિ/વ્યક્તિઓની પરીક્ષા છે?

A. 4

B. 3 ✔

C. 1

D. 2

**Q120** Reasoning

6 વ્યક્તિઓ - A, B, C, X, Y અને Z પૈકી દરેક ઉત્તર દિશા તરફ મુખ રાખીને એક હરોળમાં બેઠી છે. માત્ર Z એ Y અને B ની વચ્ચે બેઠો છે. A એ B ની તરત જ જમણી બાજુએ બેઠો છે. A હરોળના કોઈ એક છેડા પર બેઠો છે. X એ C ની તરત જ ડાબી બાજુએ બેઠો છે. C અને Z ની વચ્ચે કેટલા વ્યક્તિઓ બેઠી છે?

A. એક પણ નહીં

B. ચાર

C. બે

D. એક ✔

**Q121** Reasoning

નીચેની સંખ્યા, પ્રતીક શ્રેણીનો સંદર્ભ લો અને પ્રશ્નનો જવાબ આપો. ગણતરી માત્ર ડાબી બાજુથી જમણી બાજુ કરવાની છે. (બધી જ સંખ્યાઓ માત્ર એક-અંકની સંખ્યાઓ છે)
(ડાબી બાજુ) 3 ± Ω 1 √ 1 2 ≥ Ω ∞ ± 1 ÷ 1 ≠ * ≥ 8 1 8 3 (જમણી બાજુ)
એવી કેટલી સંખ્યાઓ છે જે દરેકની તરત જ પહેલાં એક પ્રતીક આવે છે અને તરત જ પછી એક સંખ્યા પણ આવે છે?

A. બે ✔

B. એક

C. ચાર

D. ત્રણ

**Q122** Reasoning

અલી તેના વર્ગમાં સૌથી ઉપર (top) થી 12મા ક્રમે અને સૌથી નીચે (bottom) થી 17મા ક્રમે છે. વર્ગમાં વિદ્યાર્થીઓની કુલ સંખ્યા ______ છે.

A. 29

B. 27

C. 28 ✔

D. 26

**Q123** Reasoning

જો 7 જૂન 1988 ના રોજ મંગળવાર હોય, તો 16 ઓગસ્ટ 1991 ના રોજ અઠવાડિયાનો કયો વાર હશે?

A. બુધવાર

B. સોમવાર

C. ગુરુવાર

D. રવિવાર ✔

**Q124** Reasoning

આ પ્રશ્નમાં, એક પ્રશ્ન પછી (I) અને (II) થી ક્રમાંકિત બે વિધાનો આપવામાં આવ્યા છે. તમારે નક્કી કરવાનું છે કે વિધાનોમાં આપેલી માહિતી એ પ્રશ્નનો જવાબ આપવા માટે પૂરતી છે કે નહીં. બંને વિધાનો વાંચો અને સૌથી યોગ્ય જવાબ પસંદ કરો.

પ્રશ્ન: 5 વાંસ – K, M, O, Q અને T – અલગ-અલગ ઊંચાઈ ધરાવે છે, કયું વાંસ સૌથી ઊંચું છે?

વિધાનો:
(I) M એ K કરતાં નીચો (shorter) છે પરંતુ O કરતાં ઊંચો છે.
(II) Q એ T કરતાં ઊંચો છે.

A. વિધાન (I) માં આપેલી માહિતી એકલી જ પ્રશ્નનો જવાબ આપવા માટે પૂરતી છે, જ્યારે કે વિધાન (II) માં આપેલી માહિતી એકલી પ્રશ્નનો જવાબ આપવા માટે પૂરતી નથી.

B. વિધાન (I) અને (II) માં આપેલી માહિતીને એકસાથે લેતા તે પ્રશ્નનો જવાબ આપવા માટે પૂરતી નથી. ✔

C. વિધાન (II) માં આપેલી માહિતી એકલી જ પ્રશ્નનો જવાબ આપવા માટે પૂરતી છે, જ્યારે કે વિધાન (I) માં આપેલી માહિતી એકલી પ્રશ્નનો જવાબ આપવા માટે પૂરતી નથી.

D. વિધાન (I) અને (II) માં આપેલી માહિતીને એકસાથે લેતા (અને વિધાન I અથવા વિધાન II ની માહિતીને એકલી રીતે ધ્યાનમાં ન લેતા) તે પ્રશ્નનો જવાબ આપવા માટે પૂરતી છે.

Blackbook Vocabulary — Now in the App! ► Download Now on Google Play

**Q125** Reasoning

નીચે આપેલી શ્રેણીને તાર્કિક રીતે પૂર્ણ કરવા માટે વિકલ્પોમાંથી કયો અક્ષર-સંખ્યા સમૂહ પ્રશ્નચિહ્ન (?) ના સ્થાને આવશે?

JKV 2 LNW -4 NQX 8 PTY -16 ?

A. QWZ 32

B. QWY 28

C. RWZ 32 ✓

D. RWY 28

**Q126** Reasoning

અંગ્રેજી મૂળાક્ષરોના ક્રમના આધારે, નીચે આપેલ ચાર અક્ષર-સમૂહમાંથી ત્રણ અમુક ચોક્કસ રીતે સમાન છે અને તેથી એક જૂથ બનાવે છે. કયો અક્ષર-સમૂહ તે જૂથ સાથે સંબંધિત નથી?

(નોંધ: અલગ પડતો અક્ષર-સમૂહ વ્યંજનો/સ્વરોની સંખ્યા અથવા અક્ષર સમૂહમાં તેમની સ્થિતિ/સ્થાન પર આધારિત નથી.)

A. NRT

B. TYZ ✓

C. EIK

D. CGI

**Q127** Reasoning

એક પ્રશ્ન પછી (I) અને (II) ક્રમાંક ધરાવતાં બે વિધાનો આપેલાં છે. વિધાનોમાં આપેલી માહિતી પ્રશ્નનો જવાબ આપવા માટે પૂરતી છે કે નહીં તે તમારે નક્કી કરવાનું છે. બંને વિધાનો વાંચો અને યોગ્ય વિકલ્પ પસંદ કરો.

પ્રશ્ન: અલગ-અલગ ઊંચાઈ ધરાવતાં 4 વૃક્ષો A, G, K અને O પૈકી કયું વૃક્ષ સૌથી ઊંચું છે?

વિધાનો:
(I) A એ G કરતાં નીચું છે પરંતુ K કરતાં ઊંચું છે.
(II) K એ O કરતાં ઊંચું છે.

A. વિધાન (I) અને (II) માં આપેલી માહિતીને એકસાથે લેતા (અને વિધાન I અથવા વિધાન II ની માહિતીને એકલી રીતે ધ્યાનમાં ન લેતા) તે પ્રશ્નનો જવાબ આપવા માટે પૂરતી છે. ✓

B. વિધાન (II) માં આપેલી માહિતી એકલી જ પ્રશ્નનો જવાબ આપવા માટે પૂરતી છે, જ્યારે કે વિધાન (I) માં આપેલી માહિતી એકલી રીતે પ્રશ્નનો જવાબ આપવા માટે પૂરતી નથી.

C. વિધાન (I) અને (II) માં આપેલી માહિતીને એકસાથે લેતા તે પ્રશ્નનો જવાબ આપવા માટે પૂરતી નથી.

D. વિધાન (I) માં આપેલી માહિતી એકલી જ પ્રશ્નનો જવાબ આપવા માટે પૂરતી છે, જ્યારે કે વિધાન (II) માં આપેલી માહિતી એકલી રીતે પ્રશ્નનો જવાબ આપવા માટે પૂરતી નથી.

**Q128** Reasoning

નીચેની અક્ષર, સંખ્યા, પ્રતીક શ્રેણીનો સંદર્ભ લો અને પ્રશ્નનો જવાબ આપો.

(ડાબી બાજુ) 5 R I @ $ 8 2 6 # V W % * I A 9 Z H Q L 4 1 P (જમણી બાજુ)

જો શ્રેણીમાંથી તમામ પ્રતીકોને કાઢી નાંખવામાં આવે, તો નીચેનામાંથી કયું ડાબી બાજુએથી પાંચમા ક્રમે આવશે?

A. V

B. 6

C. W

D. 2 ✓

**Q129** Reasoning

આ પ્રશ્ન નીચે આપેલી પાંચ ત્રણ-અંકની સંખ્યાઓ પર આધારિત છે.
(ડાબી બાજુ) 251 684 472 359 190 (જમણી બાજુ)
(ઉદાહરણ: 697 – પહેલો અંક = 6, બીજો અંક = 9 અને ત્રીજો અંક = 7)
જો સૌથી મોટી સંખ્યાના ત્રીજા અંકને સૌથી નાની સંખ્યાના ત્રીજા અંક સાથે ઉમેરવામાં આવે, તો મળતું પરિણામ શું હશે?

A. 0

B. 9

C. 6

D. 4 ✓

**Q130** Reasoning

જો 15 એપ્રિલ 1999 ના રોજ ગુરુવાર હોય, તો 28 ઓક્ટોબર 2011 ના રોજ અઠવાડિયાનો કયો વાર હશે?

A. મંગળવાર

B. ગુરુવાર

C. શુક્રવાર ✓

D. બુધવાર

**Q131** Reasoning

જો 'P' નો અર્થ '+' થાય, 'Q' નો અર્થ '−' થાય, 'R' નો અર્થ '×' થાય અને 'S' નો અર્થ '÷' થાય, તો નીચે આપેલા સમીકરણમાં પ્રશ્નચિહ્ન (?) ના સ્થાને શું આવશે?
14 Q 7 P 2 S 2 R 3 Q 5 = ?

A. 2

B. 8

C. 5 ✓

D. 12

Blackbook Vocabulary — Now in the App! ► Download Now on Google Play
generated by rank.qmaths.in

**Q132** Reasoning

આ પ્રશ્નમાં, એક પ્રશ્ન પછી (I) અને (II) ક્રમાંકિત બે વિધાનો આપવામાં આવ્યા છે. તમારે નક્કી કરવાનું છે કે વિધાનોમાં આપેલી માહિતી એ પ્રશ્નનો જવાબ આપવા માટે પૂરતી છે કે નહીં. બંને વિધાનો વાંચો અને સૌથી યોગ્ય જવાબ પસંદ કરો.

પ્રશ્ન:
"Plum" માટેનો કોડ શું હશે?

વિધાનો:
(I): "Plum Fig" ને "ve wa" તરીકે કોડ કરવામાં આવે છે અને "Fig Lime" ને "wa xo" તરીકે કોડ કરવામાં આવે છે.
(I): "Lime Plum" ને "xo ve" તરીકે કોડ કરવામાં આવે છે.

- **A.** વિધાન (I) અને (II) માં આપેલી માહિતીને એકસાથે લેતા (અને વિધાન I અથવા વિધાન II ની માહિતીને એકલી રીતે ધ્યાનમાં ન લેતા) તે પ્રશ્નનો જવાબ આપવા માટે પૂરતી છે.
- **B.** વિધાન (I) અને (II) માં આપેલી માહિતીને એકસાથે લેતા તે પ્રશ્નનો જવાબ આપવા માટે પૂરતી નથી.
- **C.** વિધાન (II) માં આપેલી માહિતી એકલી જ પ્રશ્નનો જવાબ આપવા માટે પૂરતી છે, જ્યારે કે વિધાન (I) માં આપેલી માહિતી એકલી પ્રશ્નનો જવાબ આપવા માટે પૂરતી નથી.
- **D.** વિધાન (I) માં આપેલી માહિતી એકલી જ પ્રશ્નનો જવાબ આપવા માટે પૂરતી છે, જ્યારે કે વિધાન (II) માં આપેલી માહિતી એકલી પ્રશ્નનો જવાબ આપવા માટે પૂરતી નથી. ✓

**Q133** Reasoning

આ પ્રશ્નમાં, એક પ્રશ્ન પછી (I) અને (II) થી ક્રમાંકિત બે વિધાનો આપવામાં આવ્યા છે. તમારે નક્કી કરવાનું છે કે વિધાનોમાં આપેલી માહિતી એ પ્રશ્નનો જવાબ આપવા માટે પૂરતી છે કે નહીં. બંને વિધાનો વાંચો અને સૌથી યોગ્ય જવાબ પસંદ કરો.

પ્રશ્ન:
S એ R સાથે કેવી રીતે સંબંધિત છે?

વિધાનો:
(I): S અને L એ સહોદરો (siblings) છે.
(II): R એ S ના પતિનો એકમાત્ર પુત્ર છે.

- **A.** વિધાન (I) માં આપેલી માહિતી એકલી જ પ્રશ્નનો જવાબ આપવા માટે પૂરતી છે, જ્યારે કે વિધાન (II) માં આપેલી માહિતી એકલી પ્રશ્નનો જવાબ આપવા માટે પૂરતી નથી.
- **B.** વિધાન (I) અને (II) માં આપેલી માહિતીને એકસાથે લેતા તે પ્રશ્નનો જવાબ આપવા માટે પૂરતી નથી.
- **C.** વિધાન (II) માં આપેલી માહિતી એકલી જ પ્રશ્નનો જવાબ આપવા માટે પૂરતી છે, જ્યારે કે વિધાન (I) માં આપેલી માહિતી એકલી પ્રશ્નનો જવાબ આપવા માટે પૂરતી નથી. ✓
- **D.** વિધાન (I) અને (II) માં આપેલી માહિતીને એકસાથે લેતા (અને વિધાન I અથવા વિધાન II ની માહિતીને એકલી રીતે ધ્યાનમાં ન લેતા) તે પ્રશ્નનો જવાબ આપવા માટે પૂરતી છે.

**Q134** Reasoning

S એ D ની બહેન છે. D એ A ની માતા છે. A એ G નો ભાઈ છે. G એ H ની પત્ની છે.
H એ J ના પિતા છે. તો D એ J સાથે કેવી રીતે સંબંધિત છે?

- **A.** માતા
- **B.** માતાની માતા ✓
- **C.** પિતાની માતા
- **D.** બહેન

**Q135** Reasoning

નીચે સંખ્યાના બે સેટ આપેલા છે. સંખ્યાઓના દરેક સેટમાં, પ્રથમ સંખ્યા પર અમુક ગાણિતિક ક્રિયાઓ લાગુ કરીને બીજી સંખ્યા મેળવવામાં આવે છે. એ જ રીતે, બીજી સંખ્યા પર અમુક ગાણિતિક ક્રિયાઓ લાગુ કરીને ત્રીજી સંખ્યા મેળવવામાં આવે છે અને એજ પ્રમાણે આ ક્રિયાનું અનુસરણ કરાય છે. તો આપેલા વિકલ્પોમાંથી કયો વિકલ્પ એ સમાન ક્રિયાઓને અનુસરે છે જે પ્રશ્નમાં આપેલા સેટ દ્વારા અનુસરવામાં આવી છે?

સેટ 1: 6 – 12 – 10 – 25
સેટ 2: 8 – 16 – 14 – 29

(નોંધ: બે/ત્રણ અંકની સંખ્યાને ક્રિયાઓ (ઓપરેશન્સ) માટે વ્યક્તિગત અંકોમાં વિભાજિત કરી શકાતી નથી, દા.ત., જો 37 પછી 10 આવે છે, તો ક્રિયા 3 + 7 કરી શકાતી નથી, કારણ કે બે અંકની સંખ્યાને વ્યક્તિગત અંકોમાં વિભાજિત કરી શકાતી નથી.)

- **A.** 7 – 14 – 12 – 27 ✓
- **B.** 7 – 15 – 13 – 28
- **C.** 7 – 14 – 13 – 28
- **D.** 7 – 13 – 11 – 26

**Q136** Reasoning

નીચેના શબ્દોને તાર્કિક અને અર્થપૂર્ણ ક્રમમાં દર્શાવતા સાચા વિકલ્પની પસંદગી કરો.
1. સૂર્ય (Sun)
2. આકાશીય પિંડ (Celestial body)
3. તારો (Star)

- **A.** 3,2,1
- **B.** 2,1,3
- **C.** 1,2,3
- **D.** 2,3,1 ✓

Blackbook Vocabulary — Now in the App! ► Download Now on Google Play

**Q137** Reasoning

છ વિદ્યાર્થીઓ M, N, O, R, S અને T એ અલગ-અલગ ગુણ મેળવ્યા છે. T અને M વચ્ચે માત્ર ત્રણ વિદ્યાર્થીએ જ ગુણ મેળવ્યા છે. ફક્ત M એ O કરતા વધુ ગુણ મેળવ્યા છે. S એ R કરતા ઓછા પરંતુ N કરતા વધુ ગુણ મેળવ્યા છે. R અને N વચ્ચે કેટલા વિદ્યાર્થીઓએ ગુણ મેળવ્યા છે?

A. એકપણ નહીં

B. ત્રણ

C. બે ✓

D. એક

**Q138** Reasoning

આ પ્રશ્ન નીચેના શબ્દો પર આધારિત છે.

NET RUG HOT CAP

અંગ્રેજી મૂળાક્ષરોના ક્રમ મુજબ જમણી બાજુના પહેલા શબ્દના બીજા અક્ષર અને ડાબી બાજુના પહેલા શબ્દના બીજા અક્ષર વચ્ચે કેટલા અક્ષરો હશે?

A. 4

B. 3 ✓

C. 5

D. 2

**Q139** Reasoning

LUSTRE શબ્દમાં દરેક અક્ષરને અંગ્રેજી મૂળાક્ષરોના ક્રમમાં તેની તરત પછી આવતા અક્ષરમાં બદલવામાં આવે અને પછી આ રીતે રચાયેલા તમામ અક્ષરોને અંગ્રેજી મૂળાક્ષરોના ક્રમમાં ગોઠવવામાં આવે, તો આ રીતે બનેલા અક્ષરોના નવા સમૂહમાં નીચેનામાંથી કયો અક્ષર જમણી બાજુથી ચોથો હશે?

A. T

B. U

C. S ✓

D. M

**Q140** Reasoning

એક ચોક્કસ કોડ ભાષામાં, 'PAIN' ને '5692' તરીકે અને 'NAPE' ને '1592' તરીકે કોડ કરવામાં આવે છે. તે કોડ ભાષામાં, 'E' માટેનો કોડ શું હશે?

A. 6

B. 1 ✓

C. 5

D. 9

**Q141** Reasoning

એક ચોક્કસ સાંકેતિક ભાષામાં,

A + B નો અર્થ થાય છે કે 'A એ B ની માતા છે'

A – B નો અર્થ થાય છે કે 'A એ B નો ભાઈ છે'

A x B નો અર્થ થાય છે કે 'A એ B ની પત્ની છે'

A % B નો અર્થ થાય છે કે 'A એ B ના પિતા છે'

A # B નો અર્થ થાય છે કે 'A એ B ની પુત્રી છે'

ઉપરના આધારે, જો 'Q – N # T % G % K' હોય, તો Q એ K સાથે કેવી રીતે સંબંધિત છે?

A. પુત્રની પુત્રી

B. પિતાના ભાઈ ✓

C. પિતાની બહેન

D. ભાઈનો પુત્ર

**Q142** Reasoning

નીચે આપેલા શબ્દોની ગોઠવણી (arrangement) ને તાર્કિક અને અર્થપૂર્ણ ક્રમમાં દર્શાવતા સાચા વિકલ્પની પસંદગી કરો.

1.શુક્ર (Venus)

2.ગ્રહ (Planet)

3.ખગોળીય પદાર્થ (Celestial body)

A. 2,1,3

B. 2,3,1

C. 3,2,1 ✓

D. 1,3,2

**Q143** Reasoning

નીચેના શબ્દોની ગોઠવણીને તાર્કિક અને અર્થપૂર્ણ ક્રમમાં દર્શાવતા સાચા વિકલ્પની પસંદગી કરો.

1.ગાયક (Singer)

2.સંગીત રચનાર (Composer)

3.સંગીતકાર (Musician)

A. 3,2,1

B. 2,3,1 ✓

C. 3,1,2

D. 1,2,3

Blackbook Vocabulary — Now in the App! ► Download Now on Google Play

generated by rank.qmaths.in

**Q144** Reasoning

નીચે આપેલી અક્ષરોની ત્રિપુટીઓમાં, દરેક અક્ષરોનો સમૂહ એક ચોક્કસ તર્કને અનુસરીને તેના અનુગામી સાથે સંબંધિત છે. આપેલા વિકલ્પોમાંથી એવો વિકલ્પ પસંદ કરો જે સમાન તર્કને અનુસરતો હોય.

BEAN - EBAN - BANE

HOME - OHME - HMEO

A. RACE - ARCE - ACER

B. KIND - IKND - DINK

C. CLAP - LCAP - CAPL ✓

D. FAME - FMAE - EMAF

**Q145** Reasoning

શ્રી ઝાઈ પોઈન્ટ A થી શરૂ કરે છે અને પશ્ચિમ તરફ 9 km ડ્રાઇવ કરે છે. પછી તે ડાબો વળાંક લે છે, 4 km ડ્રાઇવ કરે છે, જમણો વળાંક લે છે અને 7 km ડ્રાઇવ કરે છે. તે ફરીથી જમણો વળાંક લે છે અને 7 km ડ્રાઇવ કરે છે. તે અંતિમ જમણો વળાંક લે છે, 16 km ડ્રાઇવ કરે છે અને પોઈન્ટ P પર અટકે છે. પોઈન્ટ A પર ફરીથી પહોંચવા માટે તેણે કેટલું અંતર (સૌથી ઓછું અંતર) અને કઈ દિશામાં વાહન ચલાવવું જોઈએ? (બધા વળાંક ફક્ત 90 ડિગ્રી વળાંક છે સિવાય કે ઉલ્લેખિત હોય)

A. 2 km પશ્ચિમ તરફ

B. 3 km દક્ષિણ તરફ ✓

C. 4 km પૂર્વ તરફ

D. 5 km ઉત્તર તરફ

**Q146** Reasoning

A, B, C, D અને E પૈકી દરેકની ઊંચાઈ અલગ-અલગ છે. B એ E કરતાં ઊંચો છે. માત્ર C એ A કરતાં નીચો છે. D એ B કરતાં ઊંચો છે. તો કેટલા વ્યક્તિઓ E કરતાં ઊંચા હશે?

A. બે ✓

B. એક

C. ત્રણ

D. ચાર

**Q147** Reasoning

K, A, N અને B અક્ષરોનો ઉપયોગ કરી ચાર-અક્ષરના કેટલા અર્થપૂર્ણ અંગ્રેજી શબ્દો બનાવી શકાય, જેમાં દરેક શબ્દમાં બધા જ અક્ષરોનો ઉપયોગ કરવાનો છે અને દરેક અક્ષરનો ઉપયોગ ફક્ત એક જ વાર કરવાનો છે?

A. 1 ✓

B. 2

C. 3

D. 0

**Q148** Reasoning

અંગ્રેજી મૂળાક્ષરોના ક્રમના આધારે નીચેની શ્રેણીમાં પ્રશ્નચિહ્ન (?) ના સ્થાને શું આવશે?

JOU MPV PQW SRX ?

A. KUY

B. VSY ✓

C. BGT

D. YTR

Blackbook Vocabulary — Now in the App! ▶ Download Now on Google Play

generated by rank.qmaths.in

**Q149** Reasoning

નીચે આપેલા પ્રશ્નમાં, સંખ્યા/પ્રતીકોને નીચે આપેલા કોડ અને શરતોના આધારે અક્ષરોમાં કોડબદ્ધ કરવામાં આવ્યું છે. શરતોનું પાલન કરીને બનતું સાચું કોડ સંયોજન જ તમારો જવાબ હશે. જો કોઈ પણ શરત લાગુ ન પડતી હોય, તો કોષ્ટકમાં આપેલી સંખ્યા/પ્રતીકના કોડનો સીધો ઉપયોગ કરવો.

| સંખ્યા/ પ્રતીક | 2 | @ | 9 | $ | 4 | % | 7 | & | 1 | # | 8 | + | 5 | 6 |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| કોડ | C | L | W | F | A | P | K | D | R | T | M | H | U | B |

શરતો –

(i) જો પ્રથમ ઘટક એક પ્રતીક હોય અને છેલ્લો ઘટક એક સંખ્યા હોય, તો પ્રથમ અને છેલ્લો ઘટક બંનેના કોડ પરસ્પર બદલી નાખવા.

(ii) જો પ્રથમ ઘટક એક એકી સંખ્યા હોય અને છેલ્લો ઘટક એક બેકી સંખ્યા હોય, તો પ્રથમ અને છેલ્લો બંને ઘટકોને © તરીકે કોડબદ્ધ કરવા.

(iii) જો બીજા અને ત્રીજા બંને ઘટકો પૂર્ણવર્ગ હોય, તો ત્રીજા ઘટકનો કોડ પણ બીજા ઘટકના કોડ જેવો જ રાખવો.

@ 1 9 + 4 માટે સાચો કોડ કયો હશે?

A. LRRHA ✓

B. LWWHA

C. LRWHA

D. LRRHM

**Q150** Reasoning

નીચે આપેલા સંખ્યાઓ/પ્રતીકોને તેની નીચે આપેલા અક્ષર કોડનો ઉપયોગ કરીને, ત્યારબાદ નીચે આપેલી શરતો મુજબ કોડ કરવામાં આવે છે. શરતોને અનુસરીને કરવામાં આવેલા કોડનું સાચું સંયોજન એ તમારો જવાબ રહેશે. જો કોઈપણ શરત અનુસરવામાં આવતી ન હોય, તો સંબંધિત સંખ્યાઓ/પ્રતીકો માટેના કોડને કોષ્ટકમાં દર્શાવ્યા પ્રમાણે સીધા જ અનુસરવામાં આવવા જોઈએ.

| સંખ્યા/ પ્રતીક | ? | 5 | 3 | 2 | * | 4 | # | 8 | % | @ | + | ! | 6 | 9 |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| કોડ | Q | C | D | Z | J | P | F | X | V | W | O | N | G | M |

શરતો:

(i) જો પ્રથમ ઘટક એક પ્રતીક હોય અને છેલ્લું ઘટક એક સંખ્યા હોય, તો પ્રથમ અને છેલ્લા ઘટકના કોડને એકબીજા સાથે બદલવા પડશે.

(ii) જો પ્રથમ ઘટક એક એકી સંખ્યા હોય અને છેલ્લું ઘટક એક બેકી સંખ્યા હોય, તો પહેલા અને છેલ્લા ઘટકોને © તરીકે કોડબદ્ધ કરવા પડશે.

(iii) બીજા અને ત્રીજા બંને ઘટકો જો પૂર્ણ વર્ગ સંખ્યા હોય, તો ત્રીજા ઘટકને બીજા ઘટક માટે જે કોડ છે તેનાથી કોડબદ્ધ કરવું પડશે.

8 @ + ! 9

A. XWONM ✓

B. XWOZM

C. XDONM

D. XWONC

Blackbook Vocabulary — Now in the App! ▶ Download Now on Google Play

generated by rank.qmaths.in